# તારંગાના અર્હત્ અજિતનાથના મહાપ્રાસાદનો કારાપક કોણ?

મધુસૂદન ઢાંકી

તારંગપર્વત-અલંકરિષ્ણુ દ્વિતીય તીર્થંકર અજિતનાથનું મહાચૈત્ય ચૌલુક્યપતિ ગૂર્જરેશ્વર કુમારપાળે કરાવેલું તેવી નિર્ગ્રન્થ-દર્શનના શ્વેતામ્બર સમ્પ્રદાયમાં પરંપરાથી, એવં જૂનાં લેખનોના આધારે, માન્યતા ચાલી આવી છે. નિર્ગ્રન્થેતર વિદ્વાનો પણ તે માન્યતાને ઐતિહાસિક તથ્ય રૂપે આજ દિવસ સુધી સ્વીકારતા આવ્યા છે; પરન્તુ તાજેતરમાં **સ્વાધ્યાય**માં મહાનામ ર૦ ના૦ મહેતા/ક૦ પ્ર૦ શેઠના સહલેખનયુક્ત "અજિતનાથ, અભયદેવ અને તારંગા" નામક અભ્યાસપૂર્ણ લેખ પ્રકાશિત થયો છે[૧] તેમાં ઉપરકથિત પરિપાટિગત માન્યતાનું ખંડન કરી, તેને સ્થાને અભિનવ, ઉપલક દૃષ્ટિએ તર્કપુરઃસર, સ્થાપનાઓનું મંડન થયું છે; અને તદન્તર્ગત કેટલાંક આશ્ચર્યકારક એવં અશ્રુતપૂર્વ વિધાનો પણ દૃષ્ટિગોચર થાય છે. વિદગ્ધ અને પ્રાંજલ પ્રૌઢીમાં નિબદ્ધ આ માતબર લેખથી વિદ્વદ્દ્વયના આગવા અભિગમ, પદ્ધત્યાધિગમ, અને વિશિષ્ટ પૃથક્કરણ-પ્રણાલીનો પરિચય પણ પ્રાપ્ત થાય છે. આ ચિન્તનીય લેખનથી લેખકો ગુજરાત-વ્યાપ્ત વિદ્વદ્જગત્‌ના સાધુવાદને પાત્ર સહેજે બની જાય છે.

આ વિખ્યાત વિદ્વદ્વર્યોના નવતર તારતમ્યોમાંથી સહસા ઉદ્ભવતા પ્રકાશપુંજથી અંજાઈ જતી આંખો ફરીને દેખતી થાય ત્યારે તે સમગ્ર વિષય પર સ્વસ્થ ચિત્તે અને ગંભીરતાપૂર્વક વિચારવું આપોઆપ આવશ્યક બની જાય છે. લેખકોની યુક્તિઓ અને નિષ્કર્ષોને પ્રથમ તેમના શબ્દોમાં ઉદ્ધૃત કરી, તે પર ક્રમવાર, એવં સમીક્ષાત્મક, વિચારણા ચલાવવા સાંપ્રત શોધ-લેખનો ઉદ્દેશ છે.

લેખારંભે જે જે પૂર્વ લેખકો મંદિરને "કુમારપાળ વિનિર્મિત" હોવાનું માનતા હતા તેમાંથી ચારેકના લેખાદિની સૂચિ આપ્યા બાદ[૨] વિદ્વાન્ લેખકોએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું છે. અહીં તેમનાં સારગર્ભ કથનોને એક એક કરીને લઈ, તેમાં ઉપસ્થિત કરેલા (તેમ જ તેનાથી ઉપસ્થિત થતા) મુદ્દાઓ પર, ક્રમશઃ વિચાર્યું છે.

૧. લેખકો કહે છે : "તારંગાનો અજિતનાથ ચૈત્ય [sic] અથવા દેરાસર તેની ભવ્યતા, સચવાયેલી પરિસ્થિતિ* અને કુમારપાળે તે બાંધ્યો [sic] હોવાની પરંપરાને લીધે માત્ર જૈનોમાં જ નહીં પરંતુ વિશ્વમાં જૈનોના ધાર્મિક સ્થાપત્ય તરીકે જાણીતો [sic] અને ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં પશ્ચિમ ભારતની વિશિષ્ટ શૈલીનો સારો નમૂનો ગણાય છે[૩]." "……. પરમ માહેશ્વર તથા પરમ અર્હત [sic] તરીકે સુપ્રસિદ્ધ રાજવી કુમારપાળ આશરે વિ૦ સં૦ ૧૨૦૦ થી ૧૨૩૦ (આશરે ઈ૦ સ૦ ૧૧૪૪થી ૧૧૭૪) સુધી શાસન કરતો હતો. આ પરમ અર્હત [sic] રાજાએ પોતાની માનતા પૂર્ણ કરવા માટે અજિતનાથનો ચૈત્ય [sic] બંધાવ્યાની માન્યતા વિ૦ સં૦ ૧૩૩૪ (ઈ૦ સ૦ ૧૨૭૮)થી [sic] પ્રભાવકચરિતમાં નોંધેલી પ્રાપ્ત થાય છે. આ પરંપરામાં ઘણું બળ છે[૪]."

**અવલોકન** :- વિદ્વદ્દ્વયની વાત સાચી છે કે પરમાર્હત્ કુમારપાળે પ્રસ્તુત જિનાલય બંધાવેલું તે "પરંપરામાં ઘણું બળ છે." મુનિ જિનચન્દ્રની પ્રાકૃત ભાષા અને ઉપજાતિ છન્દમાં નિબદ્ધ એક **વિવિધતીર્થસ્તુતિ** જાણમાં છે, ત્યાં પણ ઉપર્યુક્ત માન્યતાનું સમર્થન છે[૫] : યથા :

**उत्तुंगपासायवडिंसरूवं**
**कुमाररण्णो** किरमुत्तपुण्णं ।
सिरि**अजिअसामी** पयसुप्पवित्तं
**तित्थं** जयउ **तारणदुग्गयंमि** ॥

–**विविधतीर्थस्तुति** २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત સ્તુતિમાં મંત્રી તેજપાલ કારિત અર્બુદપર્વતસ્થ નેમિનાથ (ના ભવનનો) તેમ જ આરાસણના સંભવનાથ જિન(ના આલયનો) ઉલ્લેખ હોઈ તેની રચના ઈ૦ સ૦ ૧૨૩૨ બાદની જ હોવી ઘટે : તો પછી પ્રસ્તુત જિનચન્દ્ર તે ખરતરગચ્છીય જિનચન્દ્રસૂરિ તૃતીય (આચાર્યપદ ઈ૦ સ૦ ૧૨૮૫, મૃત્યુ ઈ૦ સ૦ ૧૩૨૦) હોવાનો પૂરો સંભવ છે[૬]. એમની ઉપરકથિત પ્રાકૃત રચના ઈ૦ સ૦ ૧૩૦૪ના મુસ્લિમ આક્રમણ પૂર્વની હોવી ઘટે. આમ જિનચન્દ્ર રાજગચ્છીય પ્રભાચન્દ્રાચાર્યના લઘુવયસ્ક સમકાલિક આચાર્ય જણાય છે. પ્રસ્તુત જિનચન્દ્રસૂરિનું કાર્યક્ષેત્ર પ્રધાનતઃ રાજસ્થાન હતું, અને તેમણે જે લખ્યું છે તે પ્રભાચન્દ્રાચાર્યના કથનના આધારે લખ્યું હશે તેના કરતાં તે કાળે જ્ઞાત—સર્વસુવિદિત પારંપારિક તથ્ય—ના આશ્રયે, એવં સ્વગચ્છની પરંપરા અનુસાર, કહ્યું હશે તેમ કલ્પવું વધારે ઠીક જણાય છે. વિશેષમાં જિનચન્દ્રસૂરિના સમકાલિક નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યે પણ **પ્રબન્ધચિંતામણિ** (વિ૦ સં૦ ૧૩૬૧/ઈ૦ સ૦ ૧૩૦૫)માં (અન્ય અને વિશિષ્ટ સન્દર્ભમાં) તે જિનાલયને કુમારપાળ કારિત જ માન્યું છે[૭] : અને ત્યાં **પ્રભાવકચરિત**ના કથનથી વેગળો જ વિષય હોઈ તેનો આધાર પણ કર્ત્તાને જ્ઞાત આનુશ્રુતિક પરમ્પરા જ જણાય છે. બીજી વાત એ છે કે પ્રભાચન્દ્ર પણ જ્યારે (ઈ૦ સ૦ ૧૨૭૭માં) મંદિરના નિર્માતારૂપે કુમારપાળનું નામ આપે છે ત્યારે તેઓ તત્વિષય સમ્બદ્ધ પોતાના સમયમાં જે લેખિત તથા મૌખિક અનુશ્રુતિ જાણમાં હશે તેને આધારે લખતા હોવાનો સંભવ મોટો છે. આથી આવી માન્યતાની શરૂઆત તેમણે લખ્યું તે વર્ષમાં જ થઈ હોવાની (કે બહુ તો તેમનાથી થોડાંક જ વર્ષો પૂર્વે થઈ હોય) તેમ દઢપણે માનવાને કારણ નથી. વધુમાં વધુ તો એ જુદી જુદી શક્યતાઓમાંની એક હોઈ શકે; બીજી બાજુ પ્રબન્ધાદિ કર્ત્તાઓનું સન્દર્ભગત કથન નક્કર હકીકતની ભૂમિકા પર મંડાયેલું હોવાનો સંભવ પણ એટલો જ બલવત્તર છે. મંદિરની પ્રશસ્તિનો લેખ, જે મૂળે હશે જ, તે આજે ઉપલબ્ધ નથી; પરંતુ તેમણે લખ્યું છે તે અલ્લાઉદ્દીન ખિલજીના આક્રમણ અને વિધ્વંસ પૂર્વેની સ્થિતિ રજૂ કરતું હોઈ[૮], તેમના સમયમાં તો તે મોજૂદ હોવાનો પૂરો સંભવ છે, અને તે અભિલેખની સામે જઈ, મંદિર જો કુમારપાળનું બંધાવેલું ન હોય તો પણ ધરાર તેને નામે ચડાવી દેવાની ચેષ્ટા કે સાહસ તેઓ કરે નહીં. અહીં આગળ થનાર ચર્ચામાં આ વાત વિશેષ સ્પષ્ટ બની રહેશે.

૨. વિદ્વાન્ લેખકો આગળ ચાલતાં કહે છે : ''પરંતુ અજિતનાથના દેરાસરની પ્રમાણમાં સાદી જગતી તથા તેની કામદ પીઠની રચનામાં કંઈક આર્થિક સંકડામણના અંશો હોવાનું શિલ્પગ્રંથોને આધારે સમજાવતાં [sic] તેમ જ દેરાસરમાં સમકાલીન લેખનો અભાવ જોતાં સંશય પેદા થાય છે કે ઉપર્યુક્ત પરંપરા બરાબર છે કે કેમ[૯] ?''

**અવલોકન** :- અજિતનાથના મંદિરને જગતી તો સાવ સાદી, ઘાટડાં વગરની, અને નામ માત્રની કહેવાય[૧૦]. મંદિરની માંડણી વિશાળ ઉત્તાનપટ્ટ (ફરસબંધી) યુક્ત પ્રાંગણમાં થયેલી છે. તેની પીઠ, પ્રાસાદનાં જાતિ એવં માનાનુસાર, અષ્ટાંગ હોવી જોઈતી હતી પણ તેમ નથી તે હકીકત છે. વાસ્તુગ્રન્થ **અપરાજિતપૃચ્છા** (પ્રાયઃ ઈસ્વી ૧૧૭૦-૧૨૨૦)માં એવું વિધાન અવશ્ય અપાયેલું છે કે ઓછું ધન હોય તો પીઠમાં ગજ, અશ્વ, અને નરપીઠ સંભવી શકતાં નથી : યથા[૧૧] :

**गजाश्वनरपीठाद्यमल्पद्रव्ये न संभवेत् ।**

**-अपराजितपृच्छा** १२५.२२

તારંગાના આ મહામંદિરમાં સૌથી નીચે કરેલા 'ભિટ્ટત્રય' ઉપર જાડ્યકુમ્ભ, કર્ણાલિ, અંતરપટ્ટ, છાદ્યકી, અને ગ્રાસપટ્ટી કરેલાં છે, પણ પછી તેની ઉપર થવા ઘટે તે ગજપીઠ, અશ્વપીઠ, અને નરપીઠના ઘાટ કર્યા નથી. જો આ એક જ પાસા પર જોર દઈએ તો કહી શકાય કે કારાપકના ગજવામાં 'ઝાઝાં કાવડિયાં નહોતાં.' પરન્તુ બીજુ બાજુ જોઈએ તો પ્રાસાદ તો જબરજસ્ત છે, સાંધાર અને મેરુ જાતિનો છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રમાને લગભગ ૭૪ ફીટ અને ઊર્ધ્વમાને તેનું લગભગ ૧૩૦ ફીટ જેટલું વિશાળ અને ઉન્નત—પ્રભાસમાં કુમારપાળે ઈ૰ સ૰ ૧૧૬૯માં બંધાવેલા સોમનાથના કૈલાસમેરુ પ્રાસાદનું સમકક્ષ—કદ જોતાં, તેમ જ પ્રાસાદના તેમ જ ગૂઢમંડપના મંડોવરના યથાસ્થિત ઘાટડાંઓ, શોભનમંડિત બે ભિટ્ટો, રૂપમંડિત કુમ્ભાદિ એવં તલજંઘા અને ઊર્ધ્વજંઘા જેવાં પ્રતિમાયુક્ત સ્તરો (ચિત્ર ૧), તથા રથિકાયુક્ત શિખર પરની સૂક્ષ્મ કોરણી દર્શાવતી જાલક્રિયા (ચિત્ર-૨૩) જોતાં, તેમ જ ગૂઢમંડપની ભીંતો પરની કોરણી તેમ જ માતબર સંવરણા (ચિત્ર ૪)ને ધ્યાનમાં રાખતાં કારાપકને દ્રવ્યની ખોટ હોવાનું તો જરાયે જણાતું નથી. ગુજરાતના અસ્તિત્વમાન સોલંકીયુગીન મંદિરોમાં આજે તો આ સૌથી મોટું મંદિર છે. (લેખકો એમની યુક્તિની સામે જતા આ અનેક સ્પષ્ટરૂપે દૃશ્યમાન મુદ્દાઓનો ઉલ્લેખ કરતા નથી !)

અહીં પ્રાપ્ત થતી પરિસ્થિતિની તુલનારૂપે એક સમકાલીન દાખલો યાદ આવે છે. કુમારપાળના મન્ત્રી વાગ્ભટે શત્રુંજય પરના આદિનાથના જૂના મંદિરને કાઢી નાખી તેને સ્થાને પ્રાયઃ (બાવન) ફીટ પહોળો સાંધાર જાતિનો પ્રાસાદ ઈ૰ સ૰ ૧૧૫૫/૧૧૫૭માં કરાવેલો. તે પ્રાસાદનાં (અને તેના ગૂઢમંડપનાં) હાલ તો દબાયેલી) પીઠ તથા મંડોવરનો રૂપખચિત મોટો ભાગ હજી સાબૂત છે, અને ત્યાં પણ ગજાશ્વનરપીઠો છોડી દીધી છે. આ કારણસર મહત્તમ વાગ્ભટ્ટ પાસે પૂરતું દ્રવ્ય નહોતું તેમ તો કહી શકાય તેમ નથી : શત્રુંજયની તળેટીમાં તેમણે કુમારપાળના નામ પરથી 'કુમારપુર' નામક પ્રાકારયુક્ત વસાહત અને તેમાં રાજાના પિતાના નામ પરથી 'ત્રિભુવનપાલ વિહાર' બંધાવેલો; તે પછી ધોળકામાં પિતા ઉદયન મન્ત્રીના નામ પરથી ચતુર્વિંશતિ દેવકુલિકાયુક્ત વિશાળ 'ઉદયનવિહાર' બંધાવેલો[૧૨]. આ બધું કરાવનાર મન્ત્રી પાસે પૂરતાં પૈસા ન હોવાથી શત્રુંજય પરના સ્વકારિત મોટા મંદિરની પીઠ યથાર્થ ઘાટ-સ્તરોવાળી કરાવી શકેલ નહીં તેમ કહી શકાય ખરું ? ત્યાં, અને તારંગામાં—બન્ને પર્વતીય સ્થળો પર—પીઠની ઊંચાઈ અને સ્તરો ઘટાડવા પાછળ કોઈ અન્ય જ કારણ જણાય છે, જે અલબત્ત અન્વેષણીય છે. અને સ્થાપના-લેખની આજે અનુપસ્થિતિથી કુમારપાળે તારંગાનો મહાપ્રાસાદ બંધાવ્યો ન હોય તેવો સંશય ઊભો થતો જ નથી. બીજી બાજુ જોઈએ તો, શું દંડનાયક (કે મંત્રી) પ્રાસાદ બંધાવે તો ત્યાં એનો પ્રશસ્તિલેખ ન હોઈ શકે તેવો કોઈ નિયમ છે ? લેખ મોજૂદ નથી તો સાહિત્યિક પ્રમાણો તો છે જ !

૩. વિદ્વાનો હવે તેમના કથનના હાર્દની સમીપ આવતાં લખે છે : "પ્રભાવકચરિતમાં નોંધાયેલી પરંપરા કુમારપાળના મરણ પછી આશરે એક સદી પછી પ્રચલિત થઈ હતી. એ વર્ષમાં [sic] પરંપરામાં ફેરફાર થવાની પૂરી શક્યતા છે એ વિચારને કુમારપાળ પ્રતિબોધના લેખક સોમપ્રભનું સમર્થન મળે છે. સોમપ્રભે કુમારપાળ પ્રતિબોધ વિ૰ સં૰ ૧૨૪૧ = ઈ૰ સ૰ ૧૧૮૫માં તૈયાર કરેલો હોઈ અજિતનાથનું દેરાસર જો કુમારપાળે બાંધ્યું હોય તો તેના અવસાન પછી અગિયાર વર્ષે તે રચાયો તેમાં સોમપ્રભે બીજી પરંપરા દર્શાવી છે[૧૩]." ત્યાં "......દંડનાયક અભયદેવે અજિતનાથના દેરાસરને બંધાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ દંડનાયક અભયદેવની જસદેવના પુત્ર તરીકે નોંધ મળે છે. આમ કુમારપાલના જીવનની નજીકમાં લખાયેલા તેના પ્રતિબોધના જ આલેખનમાં આપેલી બીજી પરંપરામાં અજિતનાથના ચૈત્યની રચનાનું શ્રેય દંડનાયક અભયદેવને આપેલું....."[૧૪] છે.

**અવલોકન** :- આમાં બે મુદ્દાઓ રહેલા છે અને બન્ને અંગે સ્પષ્ટતા થઈ જવી જરૂરી છે : એક તો એ કે સમ્બદ્ધકર્તા દંડનાયકનું અભિધાન લેખકો કહે છે તેમ "અભયદેવ" નહીં પણ "અભયદ" હતું[૧૫]. સોમપ્રભાચાર્યે તો "અભય" નામ એટલા માટે બતાવ્યું છે કે "અભયદ" (વા પ્રાકૃત રૂપે "અભયડ") લખવા જાય તો છન્દનો માત્રામેળ તૂટે તેમ હતું[૧૬]. પરંતુ મૂળ નામ "અભયદ" હતું તેમ માનવાને બે પરોક્ષ અને એક સીધું પ્રમાણ ઉપલબ્ધ છે. સં૰ ૧૩૦૫/ઈ૰ સ૰ ૧૨૪૯માં રચાયેલ **બૃહદ્ખરતરગચ્છગુર્વાવલી**ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાર્ધના કર્ત્તા જિનપાલોપાધ્યાયે સ્વગુરુ જિનપતિસૂરિ જ્યારે આશાપલ્લિ (કર્ણાવતી)માં આવ્યા ત્યારે ત્યાં ''દંડનાયક અભયદ''ની એક પ્રસંગના સંદર્ભમાં ઉપસ્થિતિ તથા તેણે ભજવેલ ભાગ વિષે જણાવ્યું છે[૧૭]; ત્યાં અલબત્ત તેમણે નામ ''અભયડ'' બતાવ્યું છે, પણ તે તો 'દ'ના પ્રાકૃત રૂપ'ડ'નો યથાતથ સ્વીકાર કરવાને લીધે છે. શ્રી લક્ષ્મણ ભોજકે પ્રસ્તુત અભયદના વંશજોનો એક ખંડિત સંસ્કૃત લેખ **નિર્ગ્રન્થ**ના પ્રથમ અંકમાં પ્રકાશિત કર્યો છે[૧૮] : તેમાં યશોદેવના (પુત્ર રૂપે) એક સ્થાને 'અભયદ મંત્રી', અને બીજે સ્થાને 'દંડનાયક અભયદ', એમ સ્પષ્ટ રૂપે અભિધાન મળે છે[૧૯] જે ઉપલી વાતનું પૂર્ણતયા સમર્થન કરે છે. આ સિવાય ગિરનાર પરના કહેવાતા સંગ્રામ સોનીના મંદિરના મંડપમાં રહેલા નંદીશ્વરપટ્ટ પરના, શ્રીમાળી વસન્તપાલના સં૦ ૧૨૫૬/ઈ૦ સ૦ ૧૨૦૦ના લેખમાં પણ તેના પિતા રૂપે ''અભયદ'' એવું નામ આપ્યું છે[૨૦], જેનાથી ૧૨મા શતકમાં એ પ્રકારનું અભિધાન પ્રચલિત હોવાનું સ્પષ્ટતયા સૂચિત થાય છે.

તારંગાના મંદિરના કારપક દંડનાયક અભયદ (અભયદેવ નહીં) હતા કે સ્વયં કુમારપાળ તે વિષે, સોમપ્રભાચાર્ય **જિનધર્મપ્રતિબોધ**[૨૧]માં વસ્તુતયા શું કહેવા માગતા હતા તે વિષયમાં હવે જરા વિસ્તારથી જોઈએ. સોમપ્રભાચાર્યે ''આર્યખપુટાચાર્યકથા'' અંતર્ગત તારંગા વિષેની વાતમાં અજિતનાથના મંદિર સંબંધમાં રાજા કુમારપાળના મુખમાં નીચે મુજબના શબ્દો મૂક્યા છે[૨૧] :

तत्थ **ममाएसेणं अजिय जिणिंदस्य मंदिरं तुंगं** ।
**दंडाहिव अभयेणं जसदेवसुएण** निम्मिवियं ॥

અહીં ''અનુજ્ઞા'' (अण्णुणा) એટલે કે અનુમતિ, consent, જેવો શબ્દ નહોતાં ''આદેશ'' (आएस)—આજ્ઞા, હુકમ, command, order—શબ્દોનો પ્રયોગ થયો છે. દંડનાયક અભયદેવે મંદિરનું નિર્માણ જરૂર કરાવ્યું પણ સ્વકીય દ્રવ્ય-કાર્યણાદિથી નહીં, રાજાના 'આદેશ'થી, એટલે કે રાજા માટે જ કરાવેલું : અહીં આવો અર્થ જ અભિપ્રેત છે, તે વાત સોમપ્રભાચાર્યે કુમારપાળનાં નિર્માણો સંબંધમાં આપેલ એક અન્ય દૃષ્ટાન્તથી પૂર્ણપણે સિદ્ધ થઈ જાય છે : જેમ કે પાટણમાં રાજાના 'આદેશ'થી વાગ્ભટ્ટ મંત્રીએ વાયડ જ્ઞાતીય ગર્ગ શ્રેષ્ઠીના પુત્રોની દેખરેખ નીચે 'કુમારવિહાર' નામનું પાર્શ્વનાથ જિનનું ચતુર્વિંશતિ જિનાલય કરાવ્યું[૨૨]. આ કુમારવિહાર પર હેમચન્દ્રના પટ્ટશિષ્ય રામચન્દ્રે **કુમારવિહારશતક** કાવ્ય રચ્યું છે[૨૩]. સ્વયં હેમચન્દ્રે પાટણમાં કુમારપાળે પાર્શ્વનાથનું મંદિર કરાવ્યાનો ઉલ્લેખ **દ્વયાશ્રયકાવ્ય**માં કરેલો છે[૨૪], જે ઉપરકથિત કુમારવિહાર જ હોવાનું જણાય છે. આમ અહીં પણ आएस શબ્દ કુમારપાળનો રાજાદેશ અને એથી રાજકોશામાંથી ખર્ચાયેલ દ્રવ્યથી મંદિર બંધાયેલું એવા તથ્યનો દ્યોતક છે : પણ પ્રસ્તુત સંદર્ભમાં મહેતા-શેઠના સિદ્ધાન્તને માનીએ તો તે મંદિર કુમારપાળ કારિત નહીં પણ વાગ્ભટ્ટમંત્રીકર્તૃક (કે પછી ગર્ગ શ્રેષ્ઠીના પુત્રો કારિત) જ માનવું પડે; પણ ઉપરકથિત સમકાલીન લેખક હેમચન્દ્રે આપેલું પ્રમાણ એવી સ્થાપનાથી વિરુદ્ધ જાય છે. આથી આવી જ ઘટના તારંગાના મંદિર સંબંધમાં પણ બની તેમ માનવું સયુક્તિક છે. આખરે મેરુ જાતિનો પ્રાસાદ મોટા રાજાઓ સિવાય અન્ય કોઈ બંધાવતું નહીં તે હકીકત સિદ્ધરાજ કારિત સિદ્ધપુરના રુદ્રમહાલયથી અને કુમારપાળે નવ-નિર્માણ કરાવેલ પ્રભાસના સોમનાથના મંદિર (ઈ૦ સ૦ ૧૧૬૯)થી સિદ્ધ છે. અન્યત્ર પણ બહુ મોટાં મંદિરો રાજકારિત જ હોવાનું જ જાણમાં છે[૨૫]. જૈનોમાં શ્રેષ્ઠીઓ, ઠક્કુરો (જમીનદારો), મંત્રીઓ, મહામાત્યો, દંડનાયકો આદિમાંના ઘણાખરા ધનવાન અને વગદાર હતા, પણ તેમાંના કોઈએ પણ મોટા માનનો મેરુ જાતિનો પ્રાસાદ બંધાવ્યાની નોંધ હજી સુધી ક્યાંયથીયે પ્રાપ્ત નથી થઈ[૨૬].

૪. વિદ્વદ્પુંગવોનું આગળનું લખાણ જોતાં તેમાં ઇતિહાસવિષયને સ્પર્શતું એક નીચે પ્રમાણેનું વિધાન મળે છે. ''......અભયદેવ માટે બીજો કોઈ ઉલ્લેખ હોય તો તે તપાસતાં 'લઘુપ્રબંધ'માંથી કેટલીક સામગ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે. લઘુપ્રબંધોમાં એક સહસ્રલિંગપ્રબંધ છે, તેમાં સિદ્ધરાજની સભાનું વર્ણન છે. આ વર્ણનમાં પ્રથમ સ્થાન સાન્તુ મન્ત્રીનું અને બીજું સ્થાન આભડ વસાહનું છે. આ પ્રબંધના સંપાદનમાં આભડ વસાહ દંડનાયક હોવાનું વિધાન થયું છે. તેથી આભડ દંડનાયક સિદ્ધરાજનો સમકાલીન હતો અને કુમારપાલના સમયમાં તેની સત્તા વધી હોવાના સંપાદકના વિધાનમાં શક્તિ છે. આભડ અને અભયદેવ એ બન્ને શબ્દો એક વ્યક્તિના સૂચક હોવાની માન્યતા સ્વીકારતાં, જૈન પરંપરા જુદી જુદી વહીઓ રાખનાર આભડ વસાહમાં આ દંડનાયકની પ્રવૃત્તિ સાચવતી દેખાય છે. આ બાબતે વધુ અન્વેષણને અવકાશ છે.''.....[૨૭]

**અવલોકન** :- જ્ઞાત પ્રબન્ધોમાં તો 'આભડવસાહ'ને પાટણનો શ્રેષ્ઠી કહ્યો છે, દંડનાયક નહીં; અને તેના પિતાનું નામ ત્યાં 'જશદેવ' (યશોદેવ) ન હોતાં બીજું જ જોવા મળે છે. **પુરાતન-પ્રબન્ધ-સંગ્રહ** (પ્રત b, bA, p) (૧૫મી સદી મધ્યભાગ)ના ''વસાહ આભડ પ્રબન્ધ''માં તેને અણહિલ્લપુરના 'શ્રેષ્ઠી નાગરાજ'નો પુત્ર કહ્યો છે[૨૮]. હર્ષપુરીયગચ્છના રાજશેખરસૂરિના **પ્રબન્ધકોશ** (ઈ૦ સ૦ ૧૩૪૯) અંતર્ગત ''આભડપ્રબંધ''માં તેને અણહિલ્લપુરના શ્રીમાલવંશીય શ્રેષ્ઠી 'નૃપનાગ'નો પુત્ર કહ્યો છે[૨૯]. **જિનધર્મપ્રતિબોધ** (ઈ૦ સ૦ ૧૧૮૫)માં કુમારપાળે 'શ્રેષ્ઠી નેમિનાગ'ના પુત્ર અભયકુમારને ગરીબ જૈનો માટે પાટણમાં શરૂ કરેલા સત્રાગારની દેખરેખ માટે નિમણૂક કરેલી[૩૦] તે અભય પ્રસ્તુત આભડ જ લાગે છે. આ આભડ 'નેમિનાગ' વા 'નૃપનાગ' અપરનામે 'નાગરાજ'નો પુત્ર હતો, યશોદેવનો નહીં; અને તેને આ બધા, **લઘુપ્રબન્ધસંગ્રહ** (૧૫મી શતી)થી જૂના, ગ્રન્થોમાં ક્યાંય દંડનાયક કહ્યો નથી[૩૧]. આમ દંડનાયક અભયદ અને પાટણના આભડ વસાહની અનન્યતા સિદ્ધ થઈ શકે તેમ નથી. બન્ને સમકાલીન પણ ભિન્ન વ્યક્તિઓ હતી[૩૨].

**૫.** લેખક મહોદયો પોતે કરેલાં અર્થઘટન અને તેમાંથી નીપજતી કલ્પનાની માંડણી પર આગળ વધતાં આ પ્રમાણે લખે છે : ''.....અભયદેવ દંડનાયક હતા, તેમણે અજિતનાથનું દેરાસર બાંધવાની બાબત શ્રીસંઘ તથા જૈનાચાર્યોની સાથે ચર્ચાવિચારણા કરીને તેમનો નિર્ણય અનુમતી (અનુમતિ) માટે કુમારપાલને મોકલીને તેમની આજ્ઞા મેળવીને કામ કર્યું લાગે છે. આ વ્યવહાર તત્કાલીન સમાજમાં જાણીતો હતો, એ બાબત ચંદ્રાવતીના દંડનાયક વિમલે ભીમદેવની આજ્ઞા વિમલવસહી માટે મેળવી હતી તે દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે[૩૩]. ''અજિતનાથના દેરાસરની સાદી જગતી, કામદ પીઠ જેવી રચનામાં કંઈક આર્થિક વ્યવસ્થા દેખાય છે[+], તેથી દેરાસરના બાંધકામ માટે જરૂરી રાજાજ્ઞા મળી હતી, પરંતુ તેની અર્થવ્યવસ્થા અભયદેવ તથા શ્રીસંઘ દ્વારા થઈ હોવાનું અનુમાન પુષ્ટ થાય છે. વિમળશાહે આબૂ પર વિમળવસહી દંડનાયક તરીકે બાંધ્યું હતું તેમ અભયદેવે તારંગામાં અજિનાથનું દેરાસર બાંધ્યું''....[૩૪]

**અવલોકન** :- પાછળ જોઈ ગયા તેમ મંદિર તો રાજાનિર્મિત જ હતું, પણ તેનું નિર્માણ, એટલે કે પ્રસ્તુત સંદર્ભમાં અભયદ દંડનાયકે નિર્માણ કામની દેખરેખ માત્ર રાખેલી હશે તેમ જણાય છે. મંદિરની જગતી સાદી છે; અને જગતી ઉપરની ફરસબંધી લગભગ ૨૫૦ ફીટ × ૨૫૦ ફીટ જેટલા વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલી છે તે કારણે એમ હશે ? પીઠમાં વિશેષ થરો લીધા નથી તે બાબત પર ઉપર ચર્ચા થઈ ચૂકી છે. મંદિરના નિર્માણ સંબંધમાં અભયદે આચાર્યો સાથે વિચારવિમર્શ કરેલો, કે સંઘ તરફથી આર્થિક સહાયતાદિ મળી હતી તેવી કલ્પના કરવા માટે તો કોઈ પણ સ્રોતમાંથી જરાપણ સૂચન મળતું નથી : मूलं नास्ति कुतः शाखा ? મંદિર બનાવવાનો આદેશ કુમારપાળનો પોતાનો હતો.

**૬.** મહાભાગ મહેતા તથા સહલેખક વિદ્વાન્નાં કેટલાંક અન્ય સન્દર્ભગત વિધાનો હવે તપાસીએ : ''....અભયદેવ જૈન ધર્મી હોવાથી તેના પ્રદેશને અજેય બનાવવાની જવાબદારી આવી પડે ત્યારે તેણે તીર્થંકરો પૈકી કોનો આશ્રય લેવો તે સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય. તીર્થંકરોની નામાવલી [,] તેમનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાપિતા આદિનું અવલોકન કરતાં તેમાં અજિતનાથનું નામ મોખરે આવે. તેમના પિતા જિતશત્રુ, માતા વિજયા [,] જન્મસ્થાન અયોધ્યા જેવી તેમના જીવનની વિગતો આ માન્યતાને દૃઢ કરે એ સ્વાભાવિક છે. તદુપરાન્ત અભયદેવના નામના પ્રથમ અક્ષર 'અ' અને અજિતનાથના પ્રથમ અક્ષર વચ્ચે સુમેળ હોઈ જ્યોતિષની નજરે પણ તેમનો મેળ ખાય છે. આ સમગ્ર પરિસ્થિતિ અજિતનાથના દેરાસરની સ્થાપના માટેની પૂર્વ-ભૂમિકા પૂરી પાડે છે[૩૫]."

**અવલોકન** :- એ પંથકમાં અભયદ મન્ત્રી કેવળ રાજા વતી વહીવટ ચલાવનાર દંડનાયક રૂપે જ હતા, સામન્ત વા માંડલિક રાજા—મહામંડલેશ્વર—નહીં. એ પ્રદેશની રક્ષા માટે પોતે જૈન હોવાથી, અને પોતાના નામનો પ્રથમાક્ષર અ હોવાથી, દંડનાયક અભયદે અજિતનાથનું મંદિર બંધાવ્યું એવી પ્રમાણવિહીન કલ્પના અતિ સાહસની દ્યોતક છે. મંદિર રાજા કુમારપાળનું કરાવેલું હોઈ આવી કોઈ જ અટકળને ત્યાં અવકાશ નથી. છતાં વિદ્વાન્ લેખકોની વાત માની લઈએ તો પ્રશ્ન એ ઊભો થાય કે આબૂ-પર્વત પર વિમલમન્ત્રીએ પણ પોતે જ્યાં દંડનાયક હતા તે આબૂ પંથકની "સુરક્ષા" માટે અજિતનાથનું, અથવા પોતાના અભિધાનના પ્રથમાક્ષરને ધ્યાનમાં લેતાં "જિન વિમલનાથ"નું ન કરતાં આદિનાથનું મંદિર કેમ બંધાવ્યું ? સમગ્ર તર્ક પ્રમાણાધારિત ન હોઈ **પ્રભાવકચરિત**ના "હેમચન્દ્રસૂરિચરિત" અંતર્ગત તારંગાના મંદિર નિર્માણ સંબંધી જે ખુલાસો આપ્યો છે તે હાલ તો વિશેષ ભરોસો કરવા યોગ્ય જણાય છે. ત્યાં કહ્યા પ્રમાણે તો ચાહમાન અર્ણોરાજ પર કરેલા વિજયની સ્મૃતિમાં કુમારપાળે અજિતનાથનું મંદિર બંધાવવા પૂર્વે સંકલ્પ કરેલો તેનું સ્મરણ થઈ આવતાં સ્વગુરુ હેમચન્દ્રના સૂચનથી તારંગા પર પ્રસ્તુત જિનાલય બંધાવેલું[૩૬].

૭. એક અન્ય આડપેદાશ જેવો મુદ્દો પણ શોધપત્રકર્ત્તા વિદ્વાન્ લેખકોએ ઉપસ્થિત કર્યો છે, જેમાં તેમણે કુમારપાળના સમયમાં મહામાત્ય યશોધવલના માળવા-ઉદયપુરના સં૦ ૧૨૧૮/ઈ૦ સ૦ ૧૧૬૨ના અભિલેખનો આધાર લઈ દંડનાયક અભયદેવના પિતા "જસોદેવ" અને પ્રસ્તુત "યશોધવલ"ને એક ગણી કાઢ્યા છે; પણ તે સમીકરણ માટે કોઈ જ સાહિત્યિક યા અભિલેખીય પ્રમાણ ઉપસ્થિત કર્યું નથી[૩૭]. ઇતિહાસ સહી ન શકે તેવી કલ્પનાઓ કરવાથી શું લાભ ? આ સિવાય પણ પ્રસ્તુત લેખમાં કોઈ કોઈ નાના નાના ચર્ચાસ્પદ મુદ્દાઓ છે, જે ગૌણ હોઈ અહીં સમીક્ષામાં છોડી દીધા છે.

તારંગાના મંદિરના ગૂઢમંડપના કોઈ ગોખલા-ખત્તક-માં (કે પછી ગર્ભગૃહમાં પડખાની ભીંત સમાણી ?) મુકાઈ હશે તેવી એક આરસી પ્રતિમા (ચિત્ર ૫) હવે અહીં આખરી પ્રમાણરૂપે રજૂ કરીશું. અભિલેખ વગરની આ પ્રતિમા ઘોડેસવાર રાજપુરુષની છે : પરંતુ આ પ્રતિમા દંડનાયક અભયદની ન હોતાં સ્વયં રાજા કુમારપાળની હોવાનું જણાય છે : કેમકે તેમાં છત્રધર સાથે ચામરધારિણી વારાંગના પણ દર્શાવી છે. શૈલી પણ સ્પષ્ટતયા કુમારપાળના સમયની અને દેવાલયના નિર્માણની મિતિ, એટલે કે ઈસ્વીસન ૧૧૬૫ના અરસાની, છે[૩૮].

શોધકમુખ્ય મહેતા અને સહયોગી વિદ્વાન્ લેખકના આ અનોખી તર્કણા પર આધારિત વૈદુષ્યપૂર્ણ લેખ પાછળ શું ઉદ્દેશ હશે તે વિષે વિચારતાં એમ લાગે છે કે માધ્યમિક શાળા છોડી અને વિશ્વવિદ્યાલયના ઉંબરે ઊભેલા વિદ્યાર્થીઓને સમ્યગ્-શોધ અને શોધાભાસ વચ્ચે વ્યાવર્તક રેખા ક્યાં દોરવી તે દર્શાવવાનો હોય. જો એમ જ હોય તો તે હેતુ પૂર્ણતયા સફળ થયો માની શકાય. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસ અને કલા-સ્થાપત્યના ક્ષેત્રે કામ કરવા ઈચ્છતી આવનારી પેઢીઓ લેખકદ્વયના આ પ્રશસ્ય પુરુષાર્થ બદલ ચિરઃકાળ પર્યન્ત ઋણી રહેશે[૩૯].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો :

૧. **સ્વાધ્યાય,** પુ૦ ૨૮, અંક ૩-૪, વડોદરા વિ૦ સં૦ ૨૦૪૭ (ઈ૦ સ૦ ૧૯૯૧), પૃ૦ ૧૩૭-૧૪૨.

૨. તેમાં મારા ધ્યાનમાં છે તે પ્રમાણે શેષ રહી જતા લેખકો અને તેમના લેખાદિની સૂચિ આ પ્રમાણે છે :

(૧) મુનિ કલ્યાણ વિજય, "શ્રી તારંગા તીર્થનું ઐતિહાસિક દર્શન," **શ્રી આત્માનંદ પ્રકાશ,** પુસ્તક ૧૮, અંક ૧, વીર ૨૪૪૬/ઈ૦ સ૦ ૧૯૧૯, ભાવનગર, પૃ૦ ૯-૨૩.

(૨) મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૩, પૃ૦ ૨૬૩-૨૬૫, તથા ત્યાં "ચિત્ર પરિચય", પૃ૦ ૯૬, ૯૭.

(૩) Sarabhai Manilal Navab, *Jaina Tirthas in India and Their Architecture*, Ahmedabad 1944, pp. 47-48. and Figs. 175-171.

(૪) મુનિ ન્યાયવિજય, **જૈન તીર્થોનો ઇતિહાસ,** શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા : પુષ્પ ૩૮મું, અમદાવાદ ૧૯૪૯, પૃ૦ ૧૯૨-૨૦૫.

(૫) અંબાલાલ પ્રેમચંદ શાહ, "તારંગા," **જૈન તીર્થ સર્વ સંગ્રહ,** ભાગ પહેલો (ખંડ પહેલો), અમદાવાદ ૧૯૫૩, પૃ૦ ૧૪૬-૧૫૨;

(૬) M. A. Dhaky, "The chronology of the solanki Temples of Gujarat," *Journal of the Madhya Pradesh Itihas Parishad,* No 3, Bhopal 1961, pp. 58-60.

(7) K. F. Sompura, "The Architectural Treatment of the Ajitnatha Temple at Taranga," *Vidya,* XIV, No. 2, Ahmedabad August 1971, pp. 5-99, અને ચિત્ર ૧-૪૩.

(૮) મનસુખલાલ સોમપુરા, "તારંગાનું અજિતનાથ જિનાલય," *Sambodhi, Vol. 3, No. 2-3*, Ahmedabad July-October 1974, પૃ૦ ૧-૨૦, ચિત્ર ૧-૧૫.

* કદાચ લેખકો અહીં મંદિરની ઠીક ઠીક રીતે "જળવાયેલી સ્થિતિ" (Well Preserved Condition) કહેવા માગતા હશે?

૩. મહેતા / શેઠ, "અજિતનાથ૦," પૃ૦ ૧૩૭.

૪. એજન.

૫. **जैन स्तोत्र सन्दोह (प्राचीन-स्तोत्र-संग्रह),** प्रथम भाग, प्राचीन जैन साहित्योद्धार ग्रन्थावली, સં૦ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ ૧૯૩૨, પૃ૦ ૩૭૭, પદ્ય ૨૨.

૬. એ કાળે અન્ય કોઈ જિનચન્દ્રસૂરિ થયાનું તો જાણમાં નથી.

૭. **प्रबन्धचिंतामणि**, સિંઘી ગ્રન્થ માલા, ગ્રન્થાંક ૧, સં૦ જિનવિજય મુનિ, શાંતિનિકેતન ૧૯૩૩, પૃ૦ ૯૬.

૮. તપાગચ્છીય મુનિસુન્દર સૂરિના "જિનરત્નકોશ" અન્તર્ગત તારંગા-સ્થિત અજિતનાથ જિન સમ્બદ્ધ (પ્રાયઃ ઈસ્વી ૧૪૨૫માં) રચાયેલા સ્તોત્રમાં પહેલાં બે પદ્યોમાં કુમારપાળ દ્વારા તારણદુર્ગના અજિતનાથનો ઉલ્લેખ છે; અને પદ્ય ક્રમાંક ૮-૧૧માં મ્લેચ્છો દ્વારા થયેલ ઉચ્છેદ તથા તપાગચ્છીય આચાર્ય સોમસુંદર સૂરિને હાથે થયેલ (નૂતન બિંબની) પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. (જુઓ "श्रीजैनस्तोत्र संग्रह," દ્વિતીય ભાગ, આવૃત્તિ બીજી, શ્રી યશોવિજય જૈન ગ્રન્થમાલા [૯], વારાણસી વી૦ સં૦ ૨૪૩૯ (ઈ૦ સ૦ ૧૯૧૯), પૃ૦ ૭૭-૭૮.)

૯. મહેતા/શેઠ, પૃ૦ ૧૩૮. જુઓ ત્યાં '**ખૂટતા અંકોડા અને સંશય**'વાળી કંડિકામાં.

૧૦. આ અંગે વિગતવાર ઊહાપોહ મારા તારંગાના અજિતનાથ પ્રાસાદ પરના પુસ્તકમાં થનાર હોઈ અહીં વિશેષ કહેવા ધાર્યું નથી.

૧૧. જુઓ **अपराजितपृच्छा,** G. O. S. No. CXV, *ed.* P.A. Mankad, Baroda 1950, p. 313.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. આને લગતો ખંડિત મૂળ શિલાલેખ આ પૂર્વે પં૦ લાલચંદ ગાંધીના ગુજરાતી લેખમાં **જૈન સત્ય પ્રકાશ**માં, પ્રકાશિત થયેલો (હાલ પ્રસ્તુત અંક મારી સામે નથી.) ત્યાર બાદ કેટલાક વર્ષે તે દિનેશચન્દ્ર સરકાર તથા ડા૦ મંજુલાલ મજમુદાર દ્વારા *Epigraphia Indica*માં છપાયો હોવાનું સ્મરણ છે. અહીંના સન્દર્ભમાં પ્રસ્તુત સ્રોતોનો વિશેષ ઉપયોગ ન હોઈ વિગતો આપવી જરૂરી માન્યું નથી.

૧૩. મહેતા/શેઠ પૃ૦ ૧૩૮ : જુઓ ત્યાં **'અન્વેષણ'** શીર્ષક હેઠળ અપાયેલી કંડિકામાં.

૧૪. એજન : જુઓ ત્યાં **'અન્યપરંપરા'** શીર્ષક નીચેની કંડિકામાં.

૧૫. અહીં આગળ ઉપર આ મુદ્દા પર સ-પ્રમાણ ચર્ચા કરેલી છે.

૧૬. જુઓ "આર્ય ખપુટાચાર્ય કથા," **कुमारपालप्रतिबोध,** G. O. S. No. 14, First Ed. Baroda, 1920, Reprint 1992, સં૦ મુનિરાજ જિનવિજય, પૃ૦ ૪૪૩.

૧૭. જુઓ **खरतरगच्छ-बृहद्गुर्वावलि,** સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૪૨, સં૦ જિનવિજય મુનિ, મુંબઈ ૧૯૫૬, પૃ૦ ૩૯, ૪૦, ૪૨, ૪૩.

૧૮. જુઓ "ત્રણ પ્રકીર્ણ અભિલેખો," **નિર્ગ્રન્થ**, પ્રથમ અંક, અમદાવાદ ૧૯૯૫, પૃ૦ ૭૫-૭૭.

૧૯. એજન પૃ૦ ૭૬.

૨૦. મધુસૂદન ઢાંકી અને લક્ષ્મણ ભોજક, "ઉજ્જયન્તગિરિના પૂર્વ પ્રકાશિત અભિલેખો વિષે," *Aspects of Jainology*, Vol II, *Pandit Bechardas Commemoration Volume*, સં૦ M. A. Dhaky & Sagarmal Jain લેખાંક ૬, પૃ૦ ૧૯૬-૧૯૭.

૨૧. ગ્રન્થનું મૂળ અભિધાન આ જ છે, **कुमारपाल प्रतिबोध** નહીં. જિનવિજયજી પોતાના દૃષ્ટિકોણથી ગ્રન્થોના મૂળ શીર્ષક ક્યારેક બદલી નાખતા; જેમકે જિનપ્રભસૂરિના **कल्पप्रदीप**નું અભિધાન બદલી તેમણે **विविध तीर्थकल्प** કરેલું.

૨૨. જુઓ **कु॰ प्र॰** પૃ૦ ૧૪૩-૧૪૪.

૨૩. આ **શતક** પ્રકાશિત તો થઈ ચૂક્યું છે પણ તે હાલ હાથવગું ન હોઈ અહીં પ્રકાશન સંબંધી વિગતો આપી શકતો નથી. હેમચન્દ્રાચાર્યના બીજા શિષ્ય વર્ધમાન સૂરિએ પણ **કુમારવિહારશતક** રચેલું પણ તેનું એક માત્ર અનેકાર્થી પદ્ય વૃત્તિ સહિત ઉપલબ્ધ છે. (જુઓ **अनेकार्थ साहित्य संग्रह** प्रथमो विभाग, સં૦ ચતુરવિજયમુનિ, અમદાવાદ ૧૯૩૫, પૃ ૧-૬૪.)

૨૪. आयुष्मांश्च **कुमारपाल** चिरमित्या शसितोत्रार्हतै-
**श्चैत्यं** स्फाटिक**पार्श्वबिम्बम**कृत स्वर्णेन्द्रनीलैर्नृपः ॥

-**द्व्याश्रयमहाकाव्य,** द्वितीयखण्ड, २०-९८.

(સાંચોર ૧૯૮૭, પૃ૦ ૬૩૭.)

૨૫. કલિંગદેશમાં રાજા ઉદ્યોતકેસરિએ નિર્માણ કરાવેલ ભુવનેશ્વરનું પ્રસિદ્ધ લિંગરાજ મંદિર (૧૧મી સદી ત્રીજું ચરણ), રાજા અનંગ ચોડ ભીમદેવે બંધાવેલ પુરીનું જગન્નાથ મંદિર (૧૨મી સદી પૂર્વાર્ધ), અને કોણાર્કનું નરસિંહદેવે બંધાવેલું જગતખ્યાત સૂર્યમંદિર (પ્રાયઃ ઈ૦ સ૦ ૧૨૫૦) બધા જ નિર્માતાઓ મહારાજાધિરાજ હતા. ખજુરાહોનું સૌથી મોટું મંદિર —કંદરિયા મહાદેવ—ચંદેલા રાજા વિદ્યાધરે ઈ૦ સ૦ ૧૦૨૫-૧૦૫૦ના અરસામાં કરાવેલું હોવાનો નિર્દેશ છે. તંજાવૂરનું જબ્બર બૃહદેશ્વર મંદિર ચોળ સમ્રાટ રાજરાજ દ્વારા ઈ૦ સ૦ ૧૦૧૦માં, અને ગંગાઈકોણ્ડચોળપુરમ્‌ના મહામંદિરનું એના પુત્ર રાજેન્દ્ર ચોળ દ્વારા (આ૦ ઈ૦ સ૦ ૧૦૨૫-૧૦૩૦)માં નિર્માણ થયેલું. ગુજરાતમાં પણ ઉપર કહ્યા તે સિવાય અન્ય પણ મેરુ પ્રાસાદો હતા; જેમકે કર્ણદેવનો પાટણમાં કરાવેલો 'કર્ણમેરુ' (પ્રાયઃ આ૦ ઈ૦ સ૦ ૧૦૭૦-૧૦૮૦), અને ત્યાંનો સિદ્ધરાજ કારિત "સિદ્ધમેરુ" પ્રાસાદ, જે બન્ને આજે તો કાળના ગર્ભમાં વિલીન થઈ ગયા છે.

૨૬. આ એક નક્કર હકીકત છે. આનું સમર્થન કુમારપાળનાં અન્તિમ વર્ષોમાં, કે પછી દ્વિતીય ભીમદેવની પ્રારંભિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારકિર્દીના અરસામાં રચાયેલા વાસ્તુગ્રન્થ **અપરાજિતપૃચ્છા**માં મળે છે. ત્યાં વૈશ્ય, ક્ષત્રિય, અને બ્રાહ્મણ જો રાજા ન હોય તો તેને મેરુ જાતિનો પ્રાસાદ બાંધવાનો નિષેધ કરેલો છે. યથા :

वैश्येनाऽपि यदा मेरुर्विना राज्ञा प्रकार्यते ।
विभ्रमस्तत्र राष्ट्रेषु दुःस्थिता भ्रमति प्रजा ॥६॥

क्षत्रियोऽपि विना राज्ञो यदि मेरुं च कारयेत् ।
तस्करोपद्रुता लोकास्तत्र राष्ट्रेषु नित्यशः ॥७॥

विप्रोपि कारयेन्मेरुं विना राज्ञो धनेश्वरः ।
परस्परं प्रजाकोपो भवति ग्रामदुःस्थितिः ॥८॥

–**अपराजितपृच्छा** ૧૮૩.૬-૮ (પૃ૰ ૪૭૩)

આ સૂત્રો લક્ષમાં લેતા વૈશ્ય દણ્ડનાયક અભયદ કેવી રીતે મેરુપ્રસાદ બંધાવી શકે ? વાત એટલેથી પતતી નથી. **અ૰ પૃ૰**માં વિશેષમાં એમ પણ કહેલું છે કે રાજેન્દ્રો (એટલે કે મોટા મહારાજાધિરાજો, સમ્રાટો આદિ) જ મેરુ પ્રાસાદ કરાવી શકે. અન્ય રાજાઓ મેરુમાનથી અર્ધા માનનો કરાવે; અને તેના અર્ધામાને અને અર્ધા અંડકવાળા (રાજપદથી વિભૂષિત ન હોય તેવા) અન્ય વર્ણના લોકો કરાવે તેવી આજ્ઞા કરેલી છે. યથા :

राजेन्द्रैर्यः कृतः पूर्वं महामेरुर्महोदयः ।
ततो हीनश्च कर्तव्यः शेषवर्णैस्तथैव च ॥१७॥

अधस्तान्मेरुतः कार्यः प्रासादोऽन्यश्च राजभिः ।
ततो हीनोऽन्यवर्णैश्च हृयण्डकैर्हस्तकैस्तथा ॥१८॥

–**अपराजितपृच्छा** ૧૮૩. ૧૭-૧૮ (પૃ૰ ૪૭૩)

આ સૂત્રોના પ્રકાશમાં તો સ્પષ્ટ જ છે કે તારંગાનો પ્રાયઃ ૪૦૩ અંડકનો અને ૮૦ જેટલાં તિલકો ધરાવતો મોટા માનનો મેરુ પ્રાસાદ સમ્રાટ કુમારપાળનો જ કરાવેલો હોય, દંડનાયક અભયદે નહીં.

૨૭. મહેતા / શેઠ પૃ૰ ૧૩૮-૧૩૯ : જુઓ ત્યાં '**અભયદેવ**' વાળી કંડિકા નીચે.

૨૮. **પુરાતન પ્રબન્ધ સંગ્રહ,** સિંઘી જૈન ગ્રન્થમાળા ગ્રન્થાંક ૨, સં૰ જિનવિજય મુનિ, કલકત્તા ૧૯૩૬, પૃ૰ ૩૩.


૨૯. **પ્રબન્ધકોશ,** સિંઘી જૈન ગ્રન્થમાળા, ગ્રન્થાંક ૬, સં૰ જિનવિજય, શાન્તિનિકેતન ૧૯૩૫, પૃ૰ ૯૭.

૩૦. જુઓ **કુ૰ પ્ર૰** પૃ૰ ૨૧૯, ૨૨૦.

૩૧. મહેતા / શેઠ સામે આ વિષયમાં આમ કથન કરવા માટે કોઈ અન્ય ગ્રન્થ આધારરૂપે રહ્યો હશે ?


૩૨. સંપાદક ઠાકર દ્વારા જે વિધાનો થયેલાં છે તે આ પ્રમાણે છે : એમના **લઘુપ્રબંધસંગ્રહ**માં "સહસ્રલિંગતટાક પ્રબન્ધ"માં પહેલી વાત તો એ છે કે રાજા જયસિંહદેવ સિદ્ધરાજની પરામર્શમંડલીમાં (કે સભામાં ઉપસ્થિત) બેઠેલ આઠ વ્યક્તિઓમાં શાન્તુ મન્ત્રી પછી ક્રમમાં બીજે 'આભડવસાહ' હતો, દંડનાયક અભયદ નહીં. અને ઠાકરે અન્યત્રે "વસાહ એટલે વ્યાપારી" એવો અર્થ કરેલો છે. (જુઓ એમનું **મંજુલ વિમર્ષ,** સયાજી સાહિત્યમાળા, વડોદરા ૧૯૯૧, પૃ૰ ૩૬૯ : અને મહેતા / શેઠે જેનો એમની પાદટીપમાં હવાલો આપ્યો તે પૃ૰ ૭૧૮ કે ૭૨૩ પર તો આ વિષયમાં ખાસ કોઈ સૂચન જ નથી; અને **લઘુપ્રબન્ધસંગ્રહ**માં પણ આવું કંઈ જ કહ્યું નથી. સંપાદકનું તો ત્યાં આ પ્રકારે વિધાન મળે છે : "ABHADA VASAHA was a generous merchant to whom are devoted separate *prabandhas* in such prominent works as PC, PK, and PPS. he seems, however, to have come into prominence during Kumārapāla's reign." (LPS, Baroda 1970, p.101.) અને ત્યાં સંપાદકે હવાલો આપેલા ત્રણે પ્રબન્ધગ્રન્થો પાટણના આભડ વસાહ સંબંધમાં છે, દંડનાયક અભયદના વિષયમાં નહીં. કુમારપાળના સમયમાં, અને તેના અનુગામી અજયપાળના સમયમાં પણ, આભડ પાટણના અગ્રગણ્ય શ્રેષ્ઠી રૂપે જ પ્રબન્ધોમાં દેખા દે છે. કુમારપાળ પછી ગાદી કોને આપવી તેની મંત્રણામાં તેણે અજયપાળનો પક્ષ લીધેલો, જે કારણે તેના અજયપાળ સાથેના સંબંધો સારા રહ્યા હોવાનું જણાય છે. કુમારપાળ (અને તેના માનીતા મંત્રીઓ, જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




૧. તારંગા, અજિતનાથ ચૈત્ય, પ્રાસાદ. પશ્ચિમ તરફનાં કોરણીયુક્ત પીઠ અને મંડોવરનું દર્શન.
પ્રાય: ઈ૦ સ૦ ૧૧૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




૨. તારંગા, અજિતનાથ ચૈત્ય, જાલયુક્ત શિખર. દક્ષિણ દિશા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૩. તારંગા, અજિતનાથ ચૈત્ય, શિખરની સૂક્ષ્મ જાલક્રિયા. પશ્ચિમ બાજુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





૪. તારંગા, અજિતનાથ ચૈત્ય, ગૂઢ મંડપની ઘંટાયુક્ત સંવરણા અને પ્રાસાદનું શિખર.

૫. તારંગા, અજિતનાથ ચૈત્ય, સંભવતઃ રાજર્ષિ કુમારપાળની અશ્વારૂઢ પ્રતિમા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજયપાળની વિરુદ્ધમાં રહેલા હોઈ તેમના) દ્વારા રચાયેલ કેટલાક પ્રાસાદો અજયપાળે તોડી પડાવેલ; તેમાંથી કુમારપાલ વિનિર્મિત તારંગાના અજિતનાથ પ્રાસાદને આભડે યુક્તિપૂર્વક ઉગારી લીધેલો તેવી અનુશ્રુતિ **प्र० चिं०** અને તે પછીના અન્ય કેટલાક પ્રબન્ધોમાં પણ નોંધાયેલી છે.

નેમિનાગપુત્ર આભડ વસાહ અને યશોદેવપુત્ર દંડનાયક અભયદ જુદી જ વ્યક્તિઓ હોવાનું આમ ચારે તરફથી મળતાં પ્રમાણોથી તદ્દન સ્પષ્ટ થાય છે. પ્રબન્ધોનાં આ અસંદિગ્ધ સાક્ષ્યો જોતાં વિદ્વદ્‌પુંગવ મહેતા અને સહયોગી વિદ્વાન્ કનુભાઈ શેઠે એ બન્નેને શા માટે એક કરી દીધા છે તે સમજવામાં આવી શકે તેમ નથી.

૩૩. મહેતા / શેઠ પૃ૦ ૧૪૧. જુઓ ત્યાં **'તારણ માટે અજિતનાથ'**વાળી કંડિકા.

+ આ વાક્યનો અર્થ શું કરવો !

૩૪. એજન.

૩૫. એજન.

૩૬. જુઓ ''હેમચન્દ્રસૂરિચરિત,'' **प्रभावकचरित**, સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧૩, સં૦ જિનવિજય મુનિ, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, પૃ૦ ૨૦૭.

૩૭. જુઓ મહેતા / શેઠ **'જસદેવ'** નીચે, પૃ૦ ૧૩૯. લેખકોએ તો ત્યાં મહામાત્ય યશોધવલના પુત્ર યશોદેવને દંડનાયક અભયદનો ભાઈ પણ બનાવી દીધો છે !

૩૮. તારંગાચૈત્યની રચના **મિતિ** માટે જુઓ ''વીરવંશાવલી,'' કંડિકા ૭૬, **विविधगच्छीय पट्टावली संग्रह** [પ્રથમ ભાગ], સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૫૩, પૃ૦ ૧૯૯. આ રચના જોકે પ્રાયઃ સં૦ ૧૮૦૬/ઈ૦ સ૦ ૧૭૫૦ જેટલા મોડા સમયની છે, પણ કર્ત્તા સમક્ષ કેટલાંક જૂનાં ચોક્કસ સાધનો હતાં, જેને આધારે આજે વધારે જૂના પ્રબન્ધાદિમાં નહીં જોવા મળતી કેટલીક કામની ઐતિહાસિક હકીકતો પણ ત્યાં પ્રાપ્ત થાય છે : જેમકે સં૦ ૧૩૬૩/ઈ૦ સ૦ ૧૩૦૭માં સિદ્ધપુરમાં સિદ્ધરાજ કારિત રુદ્રમહાલયનો ભંગ થયેલો તેવી હકીકત ત્યાં નોંધાયેલી છે : (એજન, પૃ૦ ૨૧૦).

સંદર્ભગત પ્રતિમા રાજાની જ હોઈ શકે તેવાં કેટલાંક તુલનાત્મક પ્રમાણો છે. કર્ણાટકમાં ચાલુક્યરાજ સોમેશ્વર પ્રથમના મૃત્યુ બાદ તેના સ્મરણમાં કુરુવત્તિના, પ્રાયઃ ઈ૦ સ૦ ૧૦૭૨-૧૦૭૫ના અરસામાં પૂર્ણ થયેલા, પ્રાસાદના મંડપમાં રાજા સોમેશ્વરની પ્રતિમા મૂકેલી છે જેમાં પણ ચામરાદિ રાજચિહ્નો છે. આ સિવાય હેમચન્દ્ર (યા સોમપ્રભાચાર્ય ?) ના કુમારપાળની દિનચર્યામાં ચામર ઢોળતી વારાંગનાઓનો ઉલ્લેખ હોવાનું સ્મરણ છે. ખજુરાહોના એક લેખમાં પણ વારવધૂઓથી વીંટળાયેલા રાજાનો ઉલ્લેખ વાંચ્યો હોવાની સ્મૃતિ છે. પણ આ તમામ ચોક્કસ સન્દર્ભો મૂળ સાધનો જોયા બાદ જ લખી શકાય. સમયાભાવે તે ખોળી શક્યો નથી.

૩૯. વિદ્વદ્‌વર્ય મહેતા દ્વારા એમની આ આગવી પદ્ધતિ અનુસાર સમય સમય પર આવા મનનીય, પઠનીય, અને ઉપયુક્ત લેખો પ્રકટ થતા રહ્યા છે.

## પરિશિષ્ટ

લેખ ''કોમ્પઝ'' થઈ પ્રાયઃ આખરી પ્રૂફસ જોવાઈ ગયા બાદ ડા૦ મહેતાના અવસાનના દુઃખદ સમાચાર મળ્યા. તેઓ આજે વિદ્યમાન હોત તો સાંપ્રત લેખના નિષ્કર્ષો (તેના વિનોદ એવં વ્યંગ્ય સમેત સસ્મિત) સ્વીકાર્યા હોત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org